AE-21124 Seat No. ________

# First Year B. A. Examination

## February – 2016

## Gujarati : Paper - I

## (પ્રેમદીવાની મીરાં, કેટલાંક કાવ્યો - સુંદરમ્)

## (Elective - I)

Time : 3 Hours] [Total Marks : 100

**સૂચના :** (૧) પ્રશ્નપત્રમાં કુલ પાંચ પ્રશ્નો છે.

(૨) દરેક પ્રશ્નોમાં વિકલ્પ છે.

(૩) પાંચમો પ્રશ્ન પૂર્વાપર સંદર્ભનો છે. જેમાં 'અ' અને 'બ' - એમ બે વિભાગ છે. બંને વિભાગમાંથી બે-બે પૂર્વાપર સંદર્ભ લખવાના રહેશે. દરેક સંદર્ભના પાંચ ગુણ છે.

૧ 'પ્રેમદીવાની મીરાં' પદસંગ્રહના આધારે મીરાંનાં પદોની વિગતે ચર્ચા કરો. ૨૦

**અથવા**

૧ ''મીરાંબાઈનાં પદોમાં ઉપદેશ અને સત્સંગ સોળે કળાએ ખીલ્યા છે.'' ૨૦
- પ્રસ્તુત વિધાનને મીરાંનાં પદો દ્વારા સમર્થન આપો.

૨ નીચેનામાંથી કોઈ પણ બે ટૂંકનોંધ લખો : ૨૦

(૧) મીરાંબાઈનાં પદોમાં વ્યક્ત થતો શ્રીકૃષ્ણપ્રેમ

(૨) પદોમાં વ્યક્ત થતી મીરાંની દીવાનગી

(૩) 'મુખડાની માયા લાગી રે' પદનું રસદર્શન

(૪) 'જૂનું તો થયું રે દેવળ' પદનું રસદર્શન.

૩ 'કેટલાંક કાવ્યો'ના આધારે કવિ લેખે સુંદરમ્‌ની કવિ પ્રતિભા જણાવો. ૨૦

**અથવા**

૩ નિરંજન ભગત સંપાદિત 'કેટલાંક કાવ્યો' સંગ્રહનાં કાવ્યોમાં વ્યક્ત થયેલ કવિ સુંદરમ્‌ની ચિંતનશીલતાનો પરિચય આપો. ૨૦

૪ નીચેનામાંથી કોઈ પણ **બે** ટૂંકનોંધ લખો : ૨૦

(૧) 'કેટલાંક કાવ્યો' કાવ્યસંગ્રહમાં વિષયવૈવિધ્ય

(૨) કવિ સુંદરમ્‌નાં વાસ્તવદર્શી કાવ્યો

(૩) 'ત્રણ પાડોશી' કાવ્યનું રસદર્શન

(૪) 'બાનો ફોટોગ્રાફ' કાવ્યનું રસદર્શન.

૫ (અ) પૂર્વાપર સંદર્ભ આપી સમજાવો : (કોઈ પણ **બે**) ૧૦

(૧) ''ઝેર તો પીધાં છે જાણી જાણી, મેવાડા રાણા !
ઝેર તો પીધાં છે જાણી જાણી.''

(૨) ''જૂનું તો થયું રે, દેવળ જૂનું તો થયું,
મારો હંસલો નાનો ને દેવળ જૂનું તો થયું.''

(૩) ''સંસારીનું સુખ એવું, ઝાંઝવાના નીર જેવું,
તેને તુચ્છ કરી ફરીએ રે, મોહન પ્યારા.''

(૪) ''કોઈ દિન ભોજન શીરો ને પૂરી,
તો કોઈ દિન ભૂખ્યાં રહીએ.''

(બ) પૂર્વાપર સંદર્ભ આપી સમજાવો : (કોઈ પણ બે) ૧૦

(૧) ''બાએ ના જિંદગી જોઈ ઘરની ઘોલકી તજી,
એને કો'એ ન સંભાળી, સૌને સંભાળતી છતાં.''

(૨) ''મને આપો આપો હૃદય પ્રભુ તે રાઘવ તણું,
તજી જેણે સીતા વિપળ મંહી દિવ્યાર્થ સ્ફૂરતાં.''

(૩) ''અહો, ગૂંથતું કોણ પૃથ્વીને સેંથે ઝાકળ મોતીમાળ ?
તરુએ તરુએ ફળતી કોની આશા કેરી સાખ રસાળ ?''

(૪) ''ઘણુંક ઘણું ભાંગવું, ઘણ ઉઠાવ મારી ભૂજા !
ઘણુંક ઘણું તોડવું, તું ફટકાર ઘા, ઓ ભૂજા !''

---